## તા. 1-4-2005 થી નવી નિમણૂક પામેલ કર્મચારીઓના તફાવતની રકમ રોકડમાં ચૂકવવા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : નપન/102009-ડી-70-પી
સચિવાલય, ગાંધીનગર, તા. 25-06-2010

**વંચાણે લીધા :**

*(1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : નપન-2003-જીઓઆઈ-10-પી, તા. 18-03-2005.*
*(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : વલભ-1198-270-ચ, તા. 26-07-2006.*
*(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : નપન-2008-ડી-243-પી, તા. 22-01-2009.*
*(4) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : પીજીઆર-1009-પ-પે.સેલ.(મ), તા. 14-04-2009.*
*(5) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : વલભ-102007-1070-(1)-ચ, તા. 13-10-2009.*

**ઠરાવ :**

વંચાણમાં લીધેલ ક્રમ (1) ઉપરના નાણાં વિભાગના તા. 18-3-2005ના ઠરાવથી નવી વર્ધિત પેન્શનયોજના (New Defined Contribution Pension Scheme) અમલમાં મુકાયેલ છે. આ યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ અધિકારી / કર્મચારીઓ કે જેઓ નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) ના ખાતાઓ ધરાવે છે તેઓને મળવાપાત્ર પગારભથ્થાના તફાવતની રકમ જેવી કે 50% મોંઘવારી ભથ્થાની મર્જરના તફાવતની રકમ, પગાર (મૂળ પગાર + મોંઘવારીભથ્થું) માંથી 10% કરતા વધુ કપાત થયેલ હોય તેવી રકમ, છઠ્ઠા પગારપંચ અન્વયે પગારમાં થતા વધારાના તફાવતની રકમ કે જે પાંચ વાર્ષિક હપ્તામાં ચુકવણી કરવાનું નક્કી થયેલ છે તથા મૃત્યુ પામેલ અધિકારી / કર્મચારીઓના કિસ્સામાં જમા ફાળાની રકમ તેઓના નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) ના ખાતાઓમાં જમા કરાવવાને બદલે રોકડમાં ચૂકવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) માં સમાવિષ્ટ અધિકારી / કર્મચારીઓ માટે ઉક્ત તફાવતની રકમ નીચેની શરતોને આધીન રોકડમાં ચૂકવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શરતો :**

(1) તા. 1-4-2005 બાદ નિયમિત નિમણૂક પામેલ નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) માં સમાવિષ્ટ અધિકારી / કર્મચારીઓ કે જેઓ નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) ના ખાતાઓ ધરાવે છે તેઓને આ ઠરાવની જોગવાઈઓ લાગુ પડશે.

(પા.લ.ઉ.)

(2) નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) અંતર્ગત પગાર (મૂળ પગાર + મોંઘવારી ભથ્થું) માંથી 10% કરતાં વધુ કપાયેલ રકમ જે તે કર્મચારીઓને રોકડમાં પરત ચુકવવાની રહેશે. જે ઉપર કોઇ વ્યાજની ગણતરી કરવાની / ચૂકવવાની રહેતી નથી.

(3) છઠ્ઠા પગારપંચના અમલના કારણે રોકડમાં ચૂકવવાની થતી તફાવતની રકમ વાર્ષિક પાંચ સરખા હપ્તામાં વખતોવખત નક્કી કર્યા મુજબ ચૂકવવાની રહેશે.

(4) વંચાણમાં લીધેલ ક્રમ - 5 ઉપરના ઠરાવની જોગવાઇઓ મુજબ જેઓના સામાન્ય ભવિષ્યનિધિ ખાતા ન હોય તેઓને મોંઘવારી ભથ્થાની ચૂકવવાપાત્ર થતી તફાવતની રકમ રોકડમાં ચૂકવવાનું ઠરાવેલ છે. તે મુજબ છઠ્ઠા પગારપંચ અન્વયે મળવાપાત્ર તફાવતની રકમ (સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે) પ્રથમ અને બીજો હપ્તો એક સાથે ચૂકવવાપાત્ર થાય છે.

(5) વંચાણમાં લીધેલ ક્રમ-3 ઉપરના ઠરાવથી કરાયેલ જોગવાઇઓ મુજબ – નવી વર્ધિત પેન્શન યોજના (NDCPS) અંતર્ગત ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓના અવસાન બાદ તેઓના કિસ્સામાં તેઓના ખાતે જમા ફાળાની રકમ તથા સરકારનો નિયમોનુસારનો ફાળો તે બન્ને ઉપર વાર્ષિક 8% (આઠ) ના વ્યાજ સાથે મળવાપાત્ર તમામ રકમ એક જ હપ્તામાં તેઓના વારસદારોને તુરત જ ચુકવી આપવાની રહેશે.

(6) નવી વર્ધિત પેન્શનયોજના (NDCPS) અંતર્ગત ઉપર સૂચવ્યા મુજબની ચૂકવવાપાત્ર રકમ કે જે જી.એસ.એફ.એસ. (ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસીસ, અમદાવાદ) ખાતે જમા છે તે પરત મેળવી તેમાંથી ચૂકવણી કરવાની રહેશે.

(7) જે કર્મચારી / અધિકારીઓના કિસ્સામાં ફાળાની રકમ નવી વર્ધિત પેન્શનયોજના (NCDPS) માં જમા કરાવેલ ન હોય તેવા કિસ્સામાં સંબંધિત ઉપાડ અધિકારીએ આ રકમ ઉપાડીને કર્મચારી / અધિકારીઓને ચૂકવવાની રહેશે.

(8) 50 (પચાસ) પૈસા અને તેના કરતાં વધુ પૈસાની ચૂકવણી આખા રૂપિયા પ્રમાણે થશે અને 50 પૈસા કરતાં ઓછી રકમને ગણતરીમાં લેવામાં આવશે નહિ.

(9) આ ઠરાવ હેઠળ સંબંધિત અધિકારી / કર્મચારીઓને કરવામાં આવતું નાણાનું ચૂકવણું કોઇપણ સંજોગોમાં બેવડાય નહિ તે અંગેની ખાતરી કર્યા બાદ સંબંધિત અધિકારીએ ચૂકવણું કરવાનું રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, શૈલજા પટેલ

નાયબ સચિવ (પેન્શન), નાણાં વિભાગ

❀ ❀ ❀